અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓમાં
વિધા-સહાયકની ભરતી કરવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અમશ/૧૫૦૬/૧૨૧૭/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૪/૨૦૦૭

18 APR 2007

વંચાણે લીધા :-

૧ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૭/૪/૯૫ પરિપત્ર ક્રમાંકઃ અમશ/ ૧૪૯૪/મ-૪૪૪/ગ
૨ શિક્ષણ વિભાગના તાઃ૧૧/૬/૯૮ના ઠરાવક્રમાંકઃપીઆરઈ/૧૦૯૬/૩૦૫૦/૧૦૨૭/(૯૮)ક
૩ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૧૭/૧/૦૩ના ઠરાવ ક્રમાંકઃઅમશ/૧૪૯૯/૧૩૯૨/ઘ
૪ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૨૩/૧૦/૦૩ના ઠરાવ ક્રમાંકઃઅમશ/૧૪૦૩/૧૭૨૪/ઘ
૫ આદિજાતિ વિકાસ વિભાગના તાઃ૮/૪/૦૪ના ઠરાવ ક્રમાંકઃ અમશ/ ૧૪૦૩/૧૭૨૪/ઘ
૬ શિક્ષણ વિભાગના તાઃ૧૬/૧/૦૭ના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૧૦૭/૧૨૯/ક

પ્રસ્તાવના :-

સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત અનુ. જનજાતિના ધોરણ-૧ થી ધોરણ-૭ સુધીના બાળકો માટે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. એક પૂર્ણ વિકસિત આશ્રમશાળામાં ૫- મદદનીશ શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરવામાં આવે છે આમુખમાં જણાવેલા શિક્ષણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ પ્રમાણે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત આશ્રમશાળામાં શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. આશ્રમશાળાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ભરતી કરવાને બદલે કેન્દ્રીકૃત રીતે ભરતી કરવાની અને ફકત પી.ટી.સી. ઉમેદવારોને નિમણુંક આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુ. જનજાતિની આશ્રમશાળાઓમાં કેન્દ્રીકૃત રીતે પી.ટી.સી. ઉમેદવારોની ભરતી કરવાની બાબતને નીચે દર્શાવેલ ઠરાવની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

..૨..

ઠ રા વ :-

(૧) વિધા-સહાયકની ભરતી / પંસદગી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા ઓછામાં ઓછા ચાર(૪) વર્તમાન પત્રોમાં કમિશનરશ્રી આદિજાતિ વિકાસ દ્વારા એક દિવસે જાહેરાત આપીને જિલ્લા કક્ષાએથી જાહેર હિતમાં એક સાથે કરવાની રહેશે. અને ભરતી પ્રકિયા એકજ દિવસે દરેક જિલ્લામાં થશે. જાહેરાતમાં ખાલી જગ્યાઓ દર્શાવી દિન-૧૦ માં રજિ. પોસ્ટથી અથવા વિભાગની વેબસાઇડ ઉપર અરજીઓ મંગાવવાની રહેશે.

(૨) વિધા-સહાયકની પંસદગી નીચે જણાવેલ પંસદગી સમિતિ કરશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રાયોજના અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૨ | તકેદારી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪ | આશ્રમશાળા અધિકારીશ્રી , | સભ્ય સચિવશ્રી |

નોંધ:- પંસદગી સમિતિમાં ઓછામાં ઓછા ત્રણ સભ્યો હાજર રહેવા જોઇએ.

આશ્રમશાળા અધિકારીએ પંસદ થયેલ ઉમેદવારના અસલ પ્રમાણપત્રની ઝીણવટ ભરી ચકાસણી બાદ નિમણુંક આપવાની રહેશે.

(૩) અરજદારે અરજીઓ સાથે અસલ પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.અરજી સાથે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ ચોંટાડવાનો રહેશે.

(૪) વંચાણે લીધા ક્રમાંક(૨) ની જોગવાઇ મુજબ વિધા-સહાયકની પંસદગી, પી.ટી.સી.ઉમેદવારોમાંથી ગુણવત્તા અને ટકાવારીના ધોરણે કરવાની રહેશે આ કાર્યવાહી કોમ્પ્યુટરાઇઝડ પધ્ધતિથી કરવાની રહેશે. ભરતી /પંસદગીના ધોરણો નીચે મુજબ રહેશે. અને કમિશનરશ્રી (આ.વિ ) ધ્વારા વધારાની વહીવટી સૂચનાઓ કરવામાં આવશે.

ઉમેદવારોની લાયકાત:-

(ક) નિમણુંક માટે પાત્ર ઉમેદવારની ઉમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ૨૮ વર્ષની વચ્ચે રહેશે. અનુ. જાતિ, અનુ. જનજાતિ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત,શારીરિક ખોડ-ખોપણ અને મહિલા, ઉમેદવારો માટે મહત્તમ વય મર્યાદામાં તા:૨૫/૧૧/૮૫ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૫/૫૯૮/ગ.૨ થી આપેલી છુટછાટના ધોરણનો લાભ અક્ષરશઃ લાગુ પાડવામાં આવશે ભવિષ્યમાં સુધારા વધારા થાયતો તે આપોઆપ લાગુ પડશે.

(ખ) ભરતીમાં મહિલાઓ માટે સામાન્ય વહીવટ વિભાગના તા:૯/૪/૯૭ ના જાહેર નામા ક્ર: જીએસ/ ૯૭-૭૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૨/ગર ની જોગવાઇ મુજબ ૩૦ ટકા જાળવવાનું રહેશે અને અક્ષરશઃ લાગુ પાડવામાં આવશે.

..૩.

(ગ) ઉમેદવારે નીચે જણાવેલ શૈક્ષણિક લાયકાતની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ

૧ એસ.એસ.સી ,પી.ટી.સી.

૨ એચ.એસ.સી. પી.ટી.સી.

(ઘ) ઉમેદવારની પંસદગી માટે નીચે દર્શાવેલ ધોરણ અનુસરવાના રહેશે.

૧ ધોરણ-૧૦(એસ.એસ.સી.),/ધોરણ-૧૨(એચ.એસ.સી.)એ બેમાંથી જે ૪૦ %
પરીક્ષામાં વધુ ગુણ મેળવ્યા હોય તે ગુણના

૨ પી.ટી.સીમાંથી મેળવેલ ગુણના ૬૦ %

( સમૂહ જીવન-૭૫, બુનિયાદી ઉધોગ, વાર્ષિક કામના -૧૦૦ અને સહાયક ઉધોગ વાર્ષિક કામના ૫૦ ગુણ ટકાવારી માટે ધ્યાનમાં લેવાના નથી )

(ચ) જે તે જિલ્લા માટે અનુ. જાતિ અનુ. જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત શારીરિક ખોડ-ખોપણ અને મહિલાઓ માટે રાજય સરકારે નકકી કરેલ અનામતની ટકાવારી અંગેનું ધોરણ - જાળવવાનું રહેશે.

(છ) આશ્રમશાળામાં ૫૦ ટકા કુમાર અને ૫૦ ટકા કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે શિક્ષકે ગૃહપતિ તરીકે પણ ફરજ બજાવવાની રહે છે જેથી દરેક આશ્રમશાળામાં ઓછામાં ઓછી બે જગ્યાઓ મહિલા ઉમેદવારથી ભરવાની રહેશે. તે પૈકી એક જગ્યા વિજ્ઞાન પ્રવાહના મહિલા ઉમેદવારથી ભરવાની રહેશે.

આમ દરેક આશ્રમશાળામાં બીજા અને ચૌથા ક્રમાંકની શિક્ષકોની જગ્યાઓ મહિલા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી એક જગ્યા વિજ્ઞાન પ્રવાહના મહિલા ઉમદવારથી ભરવાની રહેશે જયારે પ્રથમ ,તૃતિય અને પાંચમા ક્રમાંકની જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોની મેરીટયાદીમાંથી ભરવાની રહેશે તેમાં એક જગ્યા વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારથી ભરવાની રહેશે.અર્થાત વિજ્ઞાનપ્રવાહમાં ઉર્તિણ , મેરીટના આધારે બે જગ્યાઓ ભરવાની રહેશે.

(જ) પંસદ થનાર ઉમેદવારોની યાદી આશ્રમશાળા અધિકારીની કચેરી અને વિભાગની વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

( ૫) પંસદગી સમિતિએ પંસદ કરેલ ઉમેદવારોને કમિશનરશ્રી (આ.વિ) દ્વારા નકકી કરવામાં આવે તેવી શરતોને આધીન આશ્રમશાળા અધિકારીએ નિમણુક આપવાની રહેશે.

( ૬) શિક્ષણ વિભાગના તા:૧૧/૬/૯૮ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ / ૧૦૯૬ / ૩૦૫૦

૧૦૨૭/(૯૮)ક મુજબ વિધા-સહાયકને પ્રતિમાસ રૂપિયા ૨૫૦૦/- નું ઉચ્ચક માનદ્ વેતન આપવાનું રહેશે. પાંચ વર્ષ બાદ તેમની સેવાઓ સંતોષકારક જણાય તો આશ્રમશાળાના વિધા- સહાયકને નિયમિત પગાર ધોરણમાં સમાવવાના રહેશે, બાકીની શરતો યથાવત રહેશે.

(૭) ભરવાપાત્ર કુલ જગ્યાના ૪૦ ટકા જેટલી જગ્યાનું વેઈટીંગ લીસ્ટ બનાવવાનું રહેશે. આ વેઈટીંગ લીસ્ટ એક વર્ષ સુધી માન્ય રહેશે. વર્ષ દરમ્યાન હાજર ન થનાર ઉમેદવારની ખાલી જગ્યા કે આજ સમયગાળા દરમ્યાન અન્ય રીતે ખાલી પડેલ જગ્યાઓ પર વેઈટીંગ લીસ્ટમાંથી મેરીટ લીસ્ટ મુજબ જ ભરતી કરવાની રહેશે મેરીટ લીસ્ટ સિવાય જો કોઈ નિમણુંક કરવામાં આવશે તો તે માન્ય ગણાશે નહી અને ઠરાવનું ખોટુ અર્થઘટન કરી નિમણુંક કરવામાં આવશે તો તેના પગાર ભથ્થાની ચુકવણી માટે સરકારશ્રીની જવાબદારી રહેશે નહી.

(૮) ઉમેદવારની નિમણુંકને બહાલી આપતી વખતે પ્રર્વતમાન નિયમો / સુચનાઓ મુજબ ભરતી થઈ છે કે કેમ ? તે બાબતે કમિશનરશ્રી(આ.વિ )એ ચકાસણી કરવાની રહેશે અને કમિશનરશ્રી એ ઉમેદવારની નિમણુંકને બહાલી ન આપી હોય તેવી આ અગાઉની તમામ N.O.C અને ભરતી પ્રક્રિયા રદબાદલ ગણાશે.હવેથી કમિશનરશ્રી (આ.વિ ) ની મંજુરી બાદ જ નિમણુંક આપવાની રહેશે. ખાસ સંજોગોમાં છ માસ સુધીમાં અચૂક બહાલી મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી શિક્ષણ વિભાગ,(પ્રાથમિક શિક્ષણ)સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નિયામકશ્રી, અનુ.જાતિઓનું કલ્યાણ , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સર્વે નાયબ સચિવશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ.

સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.

સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ,

સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત ,અમદાવાદ/ રાજકોટ,

નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

સિલેકટ ફાઇલ,

RAVAL-AMS-1506-1217-GH-4407-I